સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૫ / શુમારો : ૫

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

ફુલ પાના - ૧૪

مشکوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૧ / મે - જૂન ૨૦૨૦

## સખાવત

અલ્લાહતઆલાના અઝીમુશ્શાન મહીના શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમ મુમેનીન વાસ્તે ઘણી ઉમ્દા ખસલતો પર ચાલવાનો પૈગામ લઈને આવે છે. આ ખસલતો, મુમિન-મુખ્લિસ વાસ્તે ખૈર હોય છે, હર તરહથી તેને તરક્કી આપનારી હોય છે, તેને રાહત બખ્શનારી હોય છે, તેને પાકો સાફ કરનારી હોય છે. અલ્લાહતઆલા દૌલત-માલ હર શખ્સને પોતાના ઈકબાલ-કિસ્મત મુજબ અતા કરે છે. કોઈના પાસે હદથી ઝિયાદહ હોય છે યા કોઈના પાસે ઉમ્મીદ કરતા કમ હોય છે યા કોઈના પાસે ઉમ્મીદ મુજબ હોય છે. **પણ જો આ દુનિયાવી માલના તખ્ત સાથે કોઈના પાસ સખાવતનો તાજ હોય તો તેની દુનિયાનો દરબાર મુનવ્વર થઈ જાય છે.** સખાવતના નૂર અને ઝીનતની આ રોશની તે સખી શખ્સ વાસ્તે આખેરતમાં હમેશાનો એક જન્નતી દરબાર તૈયાર કરી આપે છે.

શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમ હમને સખી બનવાનો અને સખાવત કરવાનો સુનેહરો મૌકો ફરાહમ કરે છે. હાલના બીમારીના માહૌલમાં હમેં હમારા ઘરોંથી બાહર નિકલી શકતા નથી. તે જ હમારા વાસ્તે બહેતર છે કે, હમેં કામ બગૈર ઘરને ના છોડીએ અને ઘરની બંદિશમાં રહીને હમેં હમારા મુમેનીનને કોઈ પણ તરહ બનતી કોશિશ કરીને મદદ કરી શકીએ. તે તદબીર તેના વાસ્તે હમને કરવાની છે કે, જેઓ અલ્લાહતઆલાની નેઅમતોંથી મહેરૂમ છે, ઘરમાં સાઝો સામાન નથી, નકદ રૂપિયા નથી, ગૈરતના મારે કોઈને કહી શકતા નથી, કોઈના નઝદીક હાથ ફેલાવી શકતા નથી. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની એ મુજબની કરમ-બખ્શીની નઝર મુમેનીન પર છે કે, જે મુમેનીનના ઘરોંમાં સહેરી-ઈફ્તારી વાસ્તે જમનની તકલીફ ઊભી થાવાનો ખૌફ છે, તેઓને બોલાવીને ઘણા મખ્ફી તૌર પર દેવડી મુબારક પરથી રોઝ કામ લાગે એવી ઝરૂરી જમવાની ચીઝો ઉમ્મીદવાર મુમેનીનને અતા ફરમાવી રહ્યા છે. આપ મૌલાની જ હિદાયતથી જમાઅતની ઘણી ખિદમતગુઝાર અંજુમનોએ મુમેનીનની ખૂબ ઈમ્દાદ કીધી છે અને મુખ્તલિફ તૌરથી કરી રહ્યા છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "સખી શખ્સ અલ્લાહતઆલાને ખૂબ કરીબ છે, લોગોના દિલોને ખૂબ કરીબ છે, આના સવાબના સબબ તે જન્નતને કરીબ છે અને જહન્નમથી દૂર છે. આ સિફતને બરાબર બર-અક્સ, જે શખ્સ બખીલ હોય છે, તે અલ્લાહથી, લોગોના દિલોથી, જન્નતથી દૂર હોય છે અને જહન્નમથી ખૂબ કરીબ હોય છે. અલ્લાહતઆલા તેને ખૂબ મોહબ્બત કરે છે કે, **જે જાહિલ હોય, લાઈલ્મ હોય મગર સખાવતનો એક્કો હોય, સરચશ્મો હોય, ધણી હોય, તે શખ્સ કરતા કે જે ઈબાદતગુઝાર તો હોય પણ બખીલ હોય.**" આ કલામે નબવીથી સાબિત થાય છે કે, અલ્લાહતઆલાની નઝરમાં સખાવત કરનાર કેટલો અઝીઝ અને મહેબૂબ છે.

અદલ-ઈન્સાફ ઈમાનનો એક પાયો છે. સખાવત કરવી તે અદલનો એક હિસ્સો છે જે દિલ સાથે જોડાયેલો છે. સખાવત કરનારને ફૈયાઝદિલ શખ્સ કહેવામાં આવે છે યા એમ કે તેનું દિલ કેટલું મોટું-વસીઅ છે કે બીજાની બહેબૂદી વાસ્તે આ તરહ દૌલતને ખર્ચ કરે છે, રવાઁ કરે છે. કોઈના કહેવાથી સખી થવાતું નથી પણ સખી પૈદાઈશી સખાવત કરનાર હોય છે. નઝરે લતાફત રાખવી તે તેના ખૂન અને તબીઅતમાં હોય છે. જો સખાવત તમામ દૌલતમંદો કરી શક્તા હોત તો પછી આ જહાનમાં કોઈ ગરીબ-ફકીર બાકી જ ના હોત.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**કમબખ્તી તેમાં છે કે, દૌલત હોય ને હજ્જે બયતુલ્લાહ ના જઈ શકે.**

(પેજ નં. ૧ નું બાકી)

અલ્લાહતઆલા ચુનંદા લોગોને સખાવતના ગૌહર-જૌહરથી નવાઝે છે. **તો જ સખી શખ્સ અલ્લાહનો હબીબ-દોસ્ત હોય છે અને બખીલ શખ્સ અલ્લાહનો અદૂ-દુશ્મન હોય છે.** જો હમને હમારી કબરની એવી તસ્વીર જોવી હોય કે, હમારી દૌલત હમારા વાસ્તે ખુશીઓના પૈગામ, ઈન્આમ-ઈકરામ લઈને આવે તો તેના વાસ્તે ઝરૂરત છે આ દુનિયામાં સખાવતની. ને જો હમને હમારી દૌલતને કબરમાં સિલગતા અંગારા અને લોખંડના સલીયા જે ઈઝા આપે, તે નઝારો જોવો હોય તો તે દૌલત હોવા છતા બખીલી કરવામાં જોવા મિલશે.

નબી સાહેબ એક હદીસે કુદસી બયાન ફરમાવે છે કે, જેમાં અલ્લાહતઆલા જિબ્રઈલ અમીનના ઝરીએ એમ કહેન મોકલે છે કે, "દીને ઈસ્લામ રઝામંદીનું દીન છે. તેમાં ઈન્સાનની નફસ સુકૂન પામે છે. આ દીન નફસની તહારત-પાકી વાસ્તે છે. નફસની તહારત તે જ વક્ત થાશે કે, તે સખાવત કરશે, બહેતર અખ્લાકને અપનાવશે અને જેટલું બને તેટલું ખૈર તે કરી ગુઝરશે." આપ નબી સાહેબ ફરમાવે છે કે, "**સખાવત જન્નતના દરખ્તો માંથી એક હસીનમાં હસીન દરખ્ત છે.** જે કોઈ શખ્સ તેની ડાલીઓથી જોડાયેલો રહેશે તો તે નજાત પામશે." યાઅની કે તેના દરજાત આઅલા થઈ જાશે. હર સાહેબે હક્ક, પોત-પોતાના ઝમાનમાં સાહેબે સખા અને પૈકરે સખાવત હોય છે. કોઈ નબી યા વસી યા ઈમામ યા દાઈ નથી ગુઝરા મગર સખાવતની નહેર જારી કરીને ગુઝરા છે. જેથી મુમેનીન સૈરાબ થાય છે. સાહેબે હક્કની હિદાયતથી જ મુમેનીનના ઝુમ્રા માંથી એવા સખી મુમેનીન સતેહ પર આવે છે કે, જે બીજા હાજિતમંદ મુમેનીનને સંભાલી લે છે. આ જ પૈમાના પર હર દૌરમાં બનેલું છે અને આવતા દૌરમાં પણ બના કરશે.

અલ્લાહતઆલા આ હક્કની દાઅવતને અને હક્કના દાઈને હમેશા હમેશા કાઈમો દાઈમ રાખે અને દાઈની દોઆથી સખાવતના સરચશ્મા મુમેનીનના દિલોમાં જારી થાયા કરે. આમીન. ✯

## દજ્જાલ કિસ્ત-૩

અલ-આઅમાને જે વક્ત દજ્જાલ મિલો અને તેના ખરાબ કરતૂતોની ખબર પડી તો તેના પર ઘણો ગુસ્સે થયો અને તેને સાથ આપવા પર અફસોસ કરવા લાગો. દજ્જાલ, અલ-આઅમાનો રવૈયો જોઈને નરમ પડી ગયો અને તૌબા કરવા લાગો. તે બાદ પહેલેની આદત મુજબ ગધેડાની સવારી કરતો થઈ ગયો, સાદા ઉની કપડા તરફ વલી ગયો અને એક પાકા પરહેઝગારની સીરતો સૂરતનો લિબાસ પહેરી લીધો.

થોડો વક્ત પણ નહીં ગુઝરો હોય કે, તે પાછો પોતાની અસલીયત પર આવી ગયો. તેના જુના સાથીઓ તેને મિલા. તેને બહેકાવી-ફુસલાવીને પાછો શયતાન બનાવી દીધો. આના પરથી વાઝેહ થાય છે કે, શયતાન બનાવાતા નથી પણ તે જન્મથી જ શયતાની ફિતરત લઈને પૈદા થાય છે. **દજ્જાલ જેમ હતો તેમ પાછો બની ગયો.** આફ્રીકાના ઘણા શહેરોં પર તેએ મોટું લશ્કર લઈને હમ્લો કીધો. તેનું ઝૌર ઘણું હતું. તેના સિપાહીઓ પહેલે કરતા ઝિયાદહ ખૂઁખાર હતા. દુનિયા-તલબી, ખ્વાહેશાત અને પૈસાએ તમામ લઈનોને અંધા બનાવી દીધા હતા. તમામ જગે કત્લે આમ કીધું. એટલો બધો ફસાદ બરપા કીધો કે, શાયદ તેના પહેલા આફ્રીકામાં આ મુજબ ફિત્નો નહીં થયો હોય! તે જ અરસામાં બગદાદમાં અબ્બાસી ખલીફા પર જાનલેવા હમ્લો થયો.. તેના ગુલામોં માંથી એકે તેના સાથીદારો સાથે ખલીફા પર વાર કીધો. આ તુર્કી ગુલામ ફાતેમી ઈમામોનો આશિક હતો અને તેએ ખલીફાની બેવે આઁખોં નોંચી નાખી અને કહેવા લાગો કે, **"દુનિયામાં તે આઁખોંનું કઈ કામ નથી કે જે ઈમામે આલે મોહંમદ (સ.અ.) ના દીદારની દુશ્મન હોય."**

૧૨ માં ફાતેમી ઈમામ મૌ. મોહંમદ અલ-કાઈમ (અ.સ.) મહેદીયહ શહેરમાં ૩૩૪ હિ. ની ૧૩ રમઝાને આપના જાઁનશીન મૌ. ઈસ્માઈલ અલ-મન્સૂર (અ.સ.) ને આપની જગા પર કાઈમ કીધા. આપને દજ્જાલની તમામ હરકતોંથી વાકિફ કીધા અને તેનો સફાયો આપના હાથ પર જ થાશે તેની પૈશગોઈ કીધી. તે જ સાલમાં મૌ. અલ-કાઈમ (અ.સ.) ૫૯ સાલની ઉંમરે ૧૯ શવ્વાલ રવિવારે, ૧૨ સાલ-૬ મહીના-૨૭ દિન તખ્તે ઈમામત પર રહીને મહેદીયહમાં જ વફાત થયા. ✯

**કમબખ્તી તેમાં છે કે, ઔલાદ હોય ને વાલેદૈનને દર-બ-દર ભટકવું પડે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૪૬

**દુનિયાની ઐશો રાહત કાફિરો વાસ્તે છે, અલ્લાહવાલા વાસ્તે નથી.**

મહબ્બત સાથે ઈતાઅત જોડાયેલી હોય છે, તે મુજબ નફરતના સાથે માઅસીયત-નાફરમાની જોડાયેલી હોય છે. મહબ્બત અને નફરત આમ અલ્ફાઝ છે, મગર ઈતાઅત અને માઅસીયત મખ્સૂસ છે. આ ચીઝો અલ્લાહ અને અલ્લાહના વલી સાથે જોડાયેલી હોય છે. જે બંદાના દિલમાં અલ્લાહની મહબ્બત પૈદા થાય છે, તો આ મહબ્બતનો નતીજો તે અલ્લાહની ઈતાઅતમાં તબ્દીલ થઈ જાય છે. યાઅની કે, બંદો ખુદને પોતાના ખુદાને સોંપી દે છે. તે તેના હર અમલ અને ફિકરને અલ્લાહના ફરમાન સાથે જોડી દે છે. જેટલું તેનાથી બને છે તેટલું તેની ખ્વાહેશાત પર રોક લગાવી દે છે.

પછી તે જોઈ છે કે, દુનિયામાં અલ્લાહતઆલા થી કરીબ થાવાનો બહેતરમાં બહેતર રસ્તો કયો છે. **તે રસ્તો દાઅવતના સાહેબની પૈરવી છે.** તે જાણે છે કે, આ રસ્તાથી જ અલ્લાહના રસ્તા પર આસાની થી ચાલી શકાશે. આ નૂરાની રસ્તો તેને અલ્લાહથી કરીબ કરતો રહેશે. સાહેબે દાઅવતની પૈરવી, તેમની મહબ્બત સિવાય ના થઈ શકે. આ મહબ્બત પણ તે જ ઈતાઅત તરફ બંદાને લઈ જાશે કે, જે ઈતાઅત તેએ અલ્લાહતઆલા વાસ્તે કીધી હતી. આ ઈતાઅત એક રસ્સી જેમ છે કે, જેનો એક છેડો બંદાના હાથમાં છે અને બીજો છેડો જન્નતના દરવાઝા પર બંધાયેલો છે. આ ઈતાઅત તેને દુનિયાના કૈદખાના માંથી રિહા કરીને જન્નતની આઝાદગી તરફ લઈ જાય છે.

આ આઝાદગીની ઉમ્મીદ મુમિન બંદાને દુનિયાની ગરદિશોમાં રાહત બખ્શે છે. દુનિયાના ડર અને ખૌફને ભુલવાને વાસ્તે તે હમેશા પોતાનો વક્ત યાદે ખુદામાં ગુઝારે છે. તેને આસાનીથી આખેરતમાં આઝાદગી મિલી જાય તે વાસ્તે ઈતાઅતના માલિક અલ્લાહતઆલાના કોઈપણ હુકમને ખિલાફ તે અમલ કરવા ચાહતો નથી. **તેના વાસ્તે અલ્લાહતઆલાની મરઝી તમામ બીજી ખુશીઓ કરતા આઅલા છે.** આ જ હકીકી મહબ્બત છે અને મુમિનપણાની સનદ છે અને અલ્લાહવાલાની નિશાની છે.

આના બર-અક્સ અગર કોઈ બંદો ગુનાહ કરે અને પછી અલ્લાહ તેમજ અલ્લાહના દાઈની મહબ્બતનો દાઅવો કરે તો તે નામુમ્કિન છે. સફાઈ ના હોય તો જ કચરો જમા થાય અને જ્યાં સફાઈ હોય ત્યાં પછી કચરાનો સવાલ જ ઊભો થાતો નથી. અગર બંદાના દિલમાં પોતાના ખાલિક વાસ્તે સાચી મહબ્બત હોય તો ઈતાઅત કરવું તેના વાસ્તે મુશ્કિલ નથી પણ આસાનમાં આસાન ચીઝ છે. એક દોસ્ત જો બીજા દોસ્તને ચાહતો હશે તો તેઓ એકબીજાની તાબેઅદારીને પોતાની ખુશી સમઝશે. **પણ જ્યાં નફરત હશે ત્યાં નાફરમાની અને જુદાઈ સિવાય બીજું કઈ નહીં હોય.** કાફિર શખ્સ અલ્લાહતઆલાની મહબ્બતને મુકીને દુનિયામાં રહેલી શયતાની ચીઝોથી લગાવ રાખે છે અને આ વક્તી લગાવ તેને એવા ફરૈબમાં નાંખી દે છે કે, તે યાદે ખુદાથી અને ખૌફે અઝાબથી બેપરવાહ થઈ જાય છે.

### કિસ્સો

એક ગામમાં કાફિર યહૂદી રહેતો હતો કે જેના ઘણા દોસ્તો હતા. તેમાંથી એક મુસ્લિમ હતા, આબિદ-ઝાહિદ હતા અને દુનિયાવાલાની મક્કારીથી આગાહ હતા. સાથે સાથે તે એ પણ જાણતા હતા કે, દુનિયા ઈમ્તેહાનનું ઘર છે અને તેના હાલાત કોઈ વક્ત એક જેવા રહેતા નથી. આ બેવેની દોસ્તી ઘણી પાકી હોય છે. એક વાર બેવે મિલે છે.
(બકીયાહ પેજ નં. ૮ પર)

**કમબખ્તી તેમાં છે કે, ઘણું બધું કરવાની ઉમ્મીદ હોય પણ બીમારી પીછો ના છોડે.**

# અલ-અકાઈદુલ અલવીયહ – કિસ્ત-૧૦
## અલવી અકીદાઓ - અકીદો - ૧૪ અને ૧૫

**મુકદ્દમો-પ્રસ્તાવનાઃ**

સૈયેદના જાઅફર ઈબ્ને મન્સૂરિલ યમન (આ.કુ.) આપના બાવાજીની સીરતની કિતાબમાં ફરમાવે છે કે, જે વક્ત ઈમામ પડદે થાય છે, સતરમાં ચાલા જાય છે તો કઈ આપની દાઅવત અછત થાતી નથી. ૧ ૨ જઝીરાઓમાંથી કોઈ પણ એક જઝીરા પર ઈમામે હક્ક મૌજૂદ હોય છે અને આપની ઝાતે પાકથી તે જગા પર દાઅવત કાઈમ હોય છે. મગર બીજા જઝીરાઓમાં પણ આપના હુકમથી આપના હુજ્જત-દોઆતોની કોશિશના સબબ મુમેનીન દરમિયાન આપના નામથી દાઅવત કાઈમ જ હોય છે. કોઈ પણ જઝીરો દાઅવતથી ખાલી હોતો નથી. ઈમામે હક્કનો વુજૂદ, આપના દોઆતના વુજૂદથી સાબિત થાય છે કે, જેઓ દાઅવતના અરકાનને, ફરઝો સુન્નતને, હલાલો હરામને, મનાસિકને, ઊમૂરને, તાઅલીમાતને કાઈમ કરતા હોય છે.

ઈમામે હક્કની હઝરતે ખાસના મરતબાઓ બાદ દાઅવતે હક્કના બીજા ત્રણ મરતબાના સાહેબોના વુજૂદથી દાઅવતે હક્કના ઊમૂર કાઈમ થાતા હોય છે. આ ત્રણ સાહેબો ઈત્લાકની દાઅવતના છે. ઈત્લાક યાઅની કે, પડદે થાવાના હાલમાં ઈમામે હક્ક મુમેનીનના દરમિયાન ખુલ્લી રીતે ઝાહિરમાં રહેતા નથી, પોશીદા હોય છે, તો આપ આ ત્રણ સાહેબોને કાઈમ કરે છે અને દાઅવતના તમામ ઊમૂર ચલાવવા વાસ્તે છૂટો દૌર આપી દે છે. **આ રૂહાની ઝિમ્મેદારીને ઈત્લાકની દાઅવત કહેવાય છે.** હવે ઈમામે હક્ક જે વક્ત પડદામાં હોય છે તો આપના સાથે આપના બાબ, હુજ્જત અને દોઆતે બલાગ હોય છે. જે જે જગાઓ પર આપના દાઈઓ આપના નામ પર દાઅવતની ખિદમત કરતા હોય છે, તે તમામથી આપ માહિતગાર અને ખબરદાર હોય છે. **આપ ઝાહિરમાં હોય યા મખ્ફીમાં હોય, આપ ઈમામુઝ્ઝમાન (અ.સ.) તો છે જ.** એ વાત અલગ છે કે, મુમેનીનથી તે હકીકત પડદા પાછલ હોય છે કે, આપ કહાઁ છે! પણ આપને પૂરેપૂરૂં ઈલ્મ હોય છે કે, આપના મુમેનીન કહાઁ-કહાઁ છે અને તેમના હાલાત કેવા છે.

કિતાબુલ ફતરાત વલ કરાનાતમાં મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન છે કે, આઁખની એક મિચકારભર પણ ઈમામતનો સિલસિલો આ જહાનથી તૂટી નથી જાતો, કેમકે આ જ મોટામાં મોટી નેઅમત છે. અલ્લાહતઆલા તરફથી તેના ખલ્ક વાસ્તે આ ઈમામત છે કે જે અલ્લાહની દાઅવત તરફ દલીલ-હુજ્જત છે. એવો પણ વક્ત આવે છે કે, ઝમાનામાં લોગોનો ફસાદ વધી જાય છે, હક્કના દાઅવેદારો બગાવતનું માથું ઊંચું કરે છે, લોગોની હિમાયત મિલવાથી જૂઠા આલિમો હુકૂમત પર બેસી જાય છે. **જૂઠ અને ઝુલ્મના વક્તમાં ઈમામે હક્ક ઝમાનાના લોગોથી મખ્ફી થઈ જાય છે.** આપના દોઆત આપના હુકમ મુજબ દાઅવત ચલાવે છે. તો કઈ ઈમામે હક્કના હાથમાં હુકૂમત ના હોય અને આમ લોગો આપના કબ્ઝામાં ના હોય તો આપની ઈમામત બાતિલ નથી થઈ જાતી. ઈમામે હક્કના હાથમાં હુકૂમત હોય યા ના હોય, આપ તરફથી ઈલ્મી ફાયદો અને રૂહાની મવાદ તલબગારોને પહોંચતો જ રહે છે, કેમકે આપના દોઆત આપની ઝાતે પાકથી નૂરાની લેહાઝથી જાડાયેલા હોય છે. તેથી જ જહાનના લોગો વાસ્તે ઈમામે હક્કના હોવાની હુજ્જત અને દલીલ તમામ થાય છે. આપ ઈમામનું આમ લોગોથી અલગ થાવું, ચાલું જાવું અને મુમેનીનનું આપના સતરના જાવા પર ઈમાન લાવવું, આપના દુશ્મનોની હલાકી, નાઉમ્મીદી અને બેકરારીનો સબબ બને છે. દાઅવતે હક્કમાં યકીન રાખનાર મુમેનીન મુખ્લેસીન ખૂબ જ ઈત્મિનાનમાં છે અને આ વક્તમાં સબર કરીને આપ ઈમામના ઝુહૂર થાવાની દોઆ કરતા રહે છે.

(બકીયાહ પેજ નં. ૫ પર)

**કમબખ્તી તેમાં છે કે, સખાવતનો જઝબો ખૂબ હોય મગર ગરીબી તે જઝબાને મારી નાંખે.**

(પેજ નં. ૪ નું બાકી)

**✵ અકીદો ૧૪ : અલ્લાહતઆલા લા-મકાન છે, એને કોઈ પણ મકાનની બંદિશમાં લઈ શકાય નહીં.**

અલ્લાહતઆલા કોઈ જગા યા મકાનમાં રહેવાથી મુનઝઝહ અને બરી છે. એના સાથે કોઈ પણ તરહના મકાનને જોડવું જાઈઝ નથી, કેમકે, મકાન તો આખિર કોઈ પણ ચીઝને ઘેરો કરવાની એક હદ હોય છે કે જેની બંદિશમાં તે ચીઝ ઘેરી શકાય. ઘેરો કરનાર અને ઘેરામાં આવનાર આ બેવે ચીઝો અલ્લાહની પૈદાશુદા છે કે, જેની સિફત છે, ઢાંચો છે, કૈફીયત છે. ઘેરાવાની બાબત તે જ વક્ત પૂરી થાય કે, બેવેની કોઈ તાઅરીફ હોય, વ્યાખ્યા હોય કે તેને કોઈ સિફતથી પહેચાનવામાં આવે.

આ જહાન ઘણા બધા હાલાત અને હાદેસાત પર બનેલું છે. તેમાં હરએક ચીઝની જગા છે કે જે તેને ઘેરે છે, બંધ રાખે છે. મગર ઘેરો કરનારની બંદિશને બરકરાર રાખનાર એક એવી તાકતવર ઝાત છે કે, જે બંધ રહેનાર અને બંધ કરનાર બેવેને સાચવે છે. તેના ઉપર કોઈ બીજી તાકત હોય શક્તી નથી. જો હોય તો આ બંધનો વેર-વિખેર થઈ જાય.

હકીકત એમ છે કે, ઝમીન આ જહાનના દરમિયાનમાં છે અને તે જ હર ચીઝનું મકાન છે, અસલ છે અને ઠેકાણું છે. **ઝમીન ઉપર પાની છે, તેના ઉપર હવા છે, તેના ઉપર આગ છે અને તેના ઉપર આસમાની સિતારાઓ છે.** તબીઅતો અને તબકાઓનો આ ચક્કર જે એકબીજા ઉપર છે, એકબીજાથી વાબિસ્તા છે, તે તેની મખ્સૂસ જગા ઉપર કૈદ કરવામાં આવા છે, દાએરા બનાવવામાં આવા છે. હરએકના મુખ્તલિફ ઘટકો છે કે જેને આગલ-પાછલ કરી શકાતા નથી. આ ચીઝો માંથી હરએકનું એક ખાસ મકાન છે, કિરદાર છે અને અસર છે.

આ ચીઝોની જે વક્ત જાણકારી અને માઅરેફત થઈ જાય છે તો તેનું મકાન પણ મુકર્રર કરી દેવાય છે. તેમાં ઠહેરવું યા તેમાંથી બાહર નિકલવું આ બે સૂરત પૈશ થાય છે. આનાથી એમ સાબિત થાય છે કે, બંધનને બાકી રાખવા વાસ્તે આ ચીઝો પર કોઈ ભારી તાકત કામ કરે છે કે જેનાથી બેવે ચીઝો-બંધ કરનાર અને બંધ થાનાર, પોતાના બંધન પર આજિઝ અને મજબૂર રહે છે. **જે ભારી તાકતની હમેં ઝિક્ર કરીએ છીએ એ અલ્લાહતઆલા આ બધા જ બંધનોથી પાક છે, આઅલા છે.** એ બંધાય એમ નથી પણ તમામને બાંધનારો છે, જેના સબબ એના જલાલ અને કમાલને સમઝવામાં અકલ ફૌત થઈ જાય છે.

બીજી વજેહ એવી છે કે, અલ્લાહતઆલાના વુજૂદ વાસ્તે કોઈ મુકર્રર જગાની હદ નથી. કોઈ પણ ચીઝનું મકાન તે વક્ત બને કે જેમાં તે હદવાલી-જિસ્મવાલી ચીઝને મુકવામાં આવી હોય. બીજું એ કે તે જગાથી તે ચીઝ મોટી ના હોય, પણ જગા-મકાનની કુશાદગી તે ચીઝને સમાવી લેતી હોય. જો અગર અલ્લાહતઆલા વાસ્તે કોઈ જગા મુકવામાં આવે તો તેનાથી સાબિત થઈ જાય છે કે, આ મુકર્રર જગા સિવાય કોઈ બીજી જગાઓમાં અલ્લાહ નથી. પણ આ "નથી" ના લફઝને હમેં અલ્લાહ વાસ્તે સોચી પણ શકતા નથી.

**✵ અકીદો ૧૫ : અલ્લાહતઆલા લા-ઝમાન છે, યાઅની ઝમાના અને વક્તથી બરી છે, આઝાદ છે.**

અલ્લાહતઆલા વાસ્તે એ અકીદો છે કે, એનો વુજૂદ હતો જ એ વાત પહેલા કે, કોઈ મકાન ન હતું, કોઈ ઝમાનો ન હતો, ઈન્સાન અને જિન્નાતનું કોઈ નિશાન ન હતું. એ અલ્લાહ જ છે કે, જેએ આ કુલ્લી મખ્લૂકાત-મૌજૂદાતને પૈદા કીધી. ઝમાના અને વક્તની કૈદમાં એને ઘેરી શકાતું નથી. હમેં એમ નથી કહી શક્તા કે એ કયા વક્તથી છે, કેમકે, વક્તનો પૈદા કરનાર તો એ જ છે. પૈદા થયેલી ચીઝ, તેને પૈદા કરનાર ખાલિકની સિફત કઈ તરહ

(બકીયાહ પેજ નં. ૬ પર)

**કમબખ્તી તેમાં છે કે, મૌત કરીબ હોવાના બાવુજૂદ તે શખ્સ ગુનાહોં પર સવાર હોય.**

(પેજ નં. ૫ નું બાકી)

બનાવી શકે. અલ્લાહતઆલાએ જે તરહ ઈરાદો કીધો તે મુજબ ઝમાનો અને વક્ત બની ગયો. વક્તનું બીજું નામ ઝમાનો છે કે, જેમાં વાકેઆત-હાદેસાત બને છે અને તે માઝી, હાલ અને મુસ્તકબિલને લેહાઝથી તકસીમ થાય છે.

ઝમાનો શું છે? તે તો ફક્ત હરકત (હલન-ચલન-મોશન) અને સુકૂન (ઠહેરાવ-સ્ટેશનરી) નું નામ છે. આ બેવે ચીઝો અલ્લાહતઆલાની પૈદાઈશ માંથી છે જે ઝમાનાને સિફત-પહેચાન આપે છે. અલ્લાહએ આ બેવેને એ તરહ પૈદા કીધેલી છે કે, એની મખ્લૂકાત માંથી ખબર પડી જાય કે, કઈ ચીઝ પહેલી છે, કઈ દરમિયાની છે અને કઈ આખિરી છે. **જે મુજબ ઈન્સાન અલ્લાહની ખિલકત-પૈદાઈશનો આખિરી છે.** હવે જે વક્ત અલ્લાહની પૈદા કીધેલી હરકતના સબબ એની મખ્લૂકની શુરૂઆત અને ખાતેમાની ખબર પડતી હોય તો આ પૈદા કરવામાં આવેલા ઝમાનાની સિફતને અલ્લાહ સાથે કઈ તરહ જોડી શકાય!!

અલ્લાહતઆલાને જો ઝમાનો કહીએ યા તેના સાથે નિસ્બત આપીએ, તો આ તો ઝમાનાની હરકતો સુકૂનનો વુજૂદ અલ્લાહ કરતા પહેલા થઈ જાય. હરકતો સુકૂનથી ઝમાનો છે. તે બેવેનો મોહતાજ છે. આનાથી મખ્લૂકની પૈદાઈશ અને ઝિંદગીની કૈફીયતની માઅલૂમાત મિલે છે. ઝિંદગી બખ્શનારો અલ્લાહ છે. તો આ મખ્લૂકાત જે ઝમાનામાં કેદ છે અને તે ઝિંદા યા મુર્દા છે અને ઝમાનો પૈદા કરનાર અલ્લાહ છે, તો પછી પૈદા થયેલા ઝમાનાની સિફત અલ્લાહ સાથે કેમ જોડી શકાય!! હરગિઝ નહીં. અલ્લાહતઆલા ખૂબ જ બલંદ છે, આઅલા છે અને પૈદાશુદા ચીઝોની સિફતથી ખૂબ જ પાકો સાફ છે. ✯

## લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) ફરિશ્તા નૂરથી પૈદા થયેલા છે, જિન્નાત આગથી અને ઈન્સાન ______ થી પૈદા થયેલો છે. (૨)

૨) સાહેબે દાઅવત જે વક્ત શાદીના ખુત્બામાં ૧૦૦૦ રૂપિયાની શરબત પીવાની મહેરની ઝિક્ર કરે છે, તો તે શું છે, તૈયેબી ______ છે યા હાતિમી તરીકો છે. (૩)

૩) તમેં અલ્લાહતઆલાની હમ્દો તાઅરીફ કરશો તો તેના તરફથી તમારા વાસ્તે ____ આવશે. (૩)

૭) મુમિનના ______ અને માલમાં ઈમાનની નિશાનીઓ ઝલકવી જોઈએ. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના એક કૌલ પર ફલાઁ સખી ભાઈએ ઉર્સના જમન વાસ્તે ભારી ______ ઈનાયત કીધી. (૩)

૪) જે ઘરમાં કચરા માંથી ______ મારે તે ઘરમાં ફરિશ્તા નાઝિલ થાતા નથી. (૨)

૫) એક ખૈર અમલ કરવાથી ______ ઘણો સવાબ અલ્લાહતઆલા અતા કરે છે. (૨)

૬) દુનિયામાં ઈબાદત વાસ્તે જીવીશું, તો આખેરતમાં ઝિંદા રહીશું. આખેરતને અરબીમાં શું કહે છે? (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | જ | | |
| | ક | મા | લ | |
| આ | સ | ╳ | સ | ગા |
| | બ | ત | ન | |
| | | મા | | |

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✯

**કમબખ્તી તેમાં છે કે, મૈયેતને દફનાવવા બાદ કોઈ મૌતથી ઈબરત ના લે.**

# ગુલ્શને ફિક્હ – શરીઅતનું હલાલો હરામ

## બીમારીની ઝિક્ર : કિસ્ત-૪

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "જે વક્ત અલ્લાહતઆલા કોઈ બંદાને બીમારી-બલા-મુશ્કિલીમાં મુબ્તેલા કરે છે, તો તેનાથી તેની બીમારી-બલાની સખ્તાઈ અને મિકદાર મુજબ તેના ગુનાહોંને પાડી નાંખે છે, મિટાવી દે છે, ફહેરિસ્તે આઅમાલ માંથી શરને દૂર કરી દે છે." મૌલાનો આ કૌલ હમને સાફ તૌર પર બતાવી દે છે કે, **બીમારી આવવી ઈન્સાન વાસ્તે તેના ગુનાહોંનો કફ્ફારો છે.** અગર કોઈ શખ્સ એવો છે કે, તેના દફતરે આઅમાલમાં કોઈ મોટા ગુનાહ લખાયા જ નથી, પણ તે શખ્સ ખૂબ બીમાર પડો તો સમઝી લેવું જોઈએ કે, તેની આ બીમારી બીજાને ઈબરત આપવા વાસ્તે છે અને તેને દાખિલે સવાબ કરવા વાસ્તે છે. તેના ઈન્તેકાલ બાદ તેને ખૂબ-ખૂબ અજરો સવાબ અતા થાશે અને અલ્લાહતઆલા એના ઈન્સાફના હિસાબે તે શખ્સને દુનિયાવી તકલીફ ઉઠાવવાના સબબ આખેરતમાં ઊંચામાં ઊંચા દરજાત ઈનાયત ફરમાવશે.

મુમેનીન-કારેઈન પૂરા આલમમાં હાલમાં **કોરોના વાયરસ (કોવિડ-૧૯)** નો કહેર, ડર, મૌત, ખસ્તાહાલી બરપા થઈ રહી છે. તો હમારા વાસ્તે ઈબ્રત અને સબકનો વક્ત છે. આ બીમારીમાં પૂરૂં આલમ ડૂબેલું છે. કોઈને કઈ સમઝ પડતી નથી. સેંકડો લોગો પોતાની જાન ગુમાવી રહ્યા છે. કોઈને તેની હદ્દ ખબર નથી, કેમકે તેની કોઈ દવા હમણા તક ઈજાદ થઈ નથી. કોને કઈ જગાથી ચેપ લાગશે અને કૌન કિવારે બીમાર પડશે અને તેનો નતીજો શું આવશે, તેનો કોઈને અંદાઝો નથી.

અલ્લાહતઆલા આ જ તરહથી હર ઉમ્મતનો ઈમ્તેહાન લે છે. ઉમ્મત નાફરમાન થાય, આસી-ગુનાહગાર બને અને શરીઅતને તેના હક્ક મુજબ ના સમઝે તો તેને કુદરતના કહેર અને હલાક કરનારી વબાનો સામનો કરવો પડે છે. **બેશુમાર લોગો મૌતનો લુકમો બની જાય છે.** જેથી બાકીના લોગો અલ્લાહના દીન તરફ વલી શકે અને પોતાની શરમનાક આદતોમાં અને રવિશમાં બદલાવ લાવી શકે. પોતાના ગુનાહોં અને નાપાકીઓ વાસ્તે તૌબા અને ઈસ્તિગફાર કરી શકે. તમામ તરહની તાકતો લગાવવાના બાવુજૂદ જે વક્ત બીમારીથી બચવાના બધા જ દરવાઝાઓ બંધ થઈ જાય છે, તો ઈન્સાન એક દરવાઝા તરફ પોતાના હાથ દરાઝ કરે છે, અને તે દરવાઝો ખાલિકે અકબર અને હક્કતઆલાનો દરવાઝો છે જે કોઈ વક્ત ખિલકત વાસ્તે બંધ રહેતો નથી. દોઆ અને તલબે મદદ વાસ્તે આ ઈલાહી દરવાઝો હમેશા ખુલ્લો રહે છે. હાલમાં વબાના આ કોહરામમાં લોગો આ દરવાઝા તરફ પોતાનું રૂખ કરી રહ્યા છે.

કોરોના વાયરસનો આ હંગામ દુનિયાવાલા વાસ્તે નવો બિલકુલ નથી. ગુઝિશ્તા સદીઓમાં આ તરહની ભયાનક વબા આવી ચુકેલી છે. પછી તે, પ્લેગ હોય, કોલેરા હોય, ફ્લ્યૂ હોય, બ્લેક ફીવર હોય, એચ-આઈ-વી હોય, ટીબી હોય વગૈરહ. આ બીમારીઓએ લાખોં ઈન્સાનની જાન લીધેલી છે. મગર, જેમ હર ચીઝની એક મૌસમ છે, હદ્દ છે, **તે મુજબ આ વબાની પણ એક હદ્દ છે.** આ હદ્દ પૂરી થાશે કે તેનો કહેર દુનિયા પરથી મિટી જાશે.

આ વબા બારિશ મુજબ છે. બારિશ આસમાનથી નાઝિલ થાય છે. આસમાનોમાં વાયરસનો મલબો જમા રહે છે અને હઝારોં સાલ તક દુનિયાના ઉપર ફિરા કરે છે. અલ્લાહતઆલાની હિકમતથી આ જંતુઓ-જરાસીમ વરસાદના ઝરીએ ઝમીન પર ઉતરે છે. જે વક્ત તેને મુનાસિબ માહૌલ અને ફિઝા મિલે છે, તે વક્ત તે ઝિંદા થાય છે અને કોઈ પણ જિસ્મમાં દાખિલ થઈને તે ફેલાય છે અને કહેર બરપા કરે છે.

જે મુજબ બારિશ ઝમીન પર જમા થયેલી ગંદકી-કચરાને સાફ કરી દે છે અને ઝમીનને ખુશ્બૂદાર અને ખૂબસૂરત બનાવી દે છે, તે મુજબ આ તરહની વબા દુનિયામાં વસનાર લોગો માંથી ગુનાહોંની નાપાકીને દૂર કરી દે છે,

(બકીયાહ પેજ નં. ૮ પર)

**કમબખ્તી તેમાં છે કે, કોઈ બીમારની તીમારદારી તેના વાસ્તે કરે કે, તે તેની દૌલતને નાહક્ક પડાવી શકે.**

(પેજ નં. ૩ નું બાકી)

એકબીજાના કયા કયા અને કેવા કેવા શૌક છે તેની બહસ કરે છે. તેનો નતીજો એવો આવે છે કે, બેવે તય કરે છે કે, આજે અપની શૌકની ચીઝો અપને બાઝાર માંથી મંગાવીએ અને જોઈએ કે, ખુદા કોની ઉમ્મીદને પૂરી કરે છે. કૌન ખુદાની નઝરમાં ચહીતો છે.

યહૂદીને તાઝી મચ્છી જમવાનો ખુબ શૌક હોય છે તો તે એક શિકારીને તાલાબ માંથી **તાઝી મચ્છી** લેવા મોકલે છે. તેના દોસ્ત મુસ્લિમ આબિદને ૨૦ સાલથી ઘી લગાવેલી તાઝા રોટલી જમવાનો શૌક હોય છે, તો તે પણ એક શખ્સને **તાઝું ઘી** ખરીદવા બાઝારમાં મોકલે છે. આ દૌરાન બનું એ કે, એક ફરિશ્તા આસમાન તરફ ચઢી રહ્યા હતા અને બીજા ફરિશ્તા ઝમીન તરફ ઉતરી રહ્યા હતા. બેવે અલ્લાહના હુકમથી માઅમૂર હતા. કોઈ મખ્સૂસ કામ બેવેને સોંપવામાં આવું હતું. ઝમીન પર ઉતરવાવાલા ફરિશ્તાએ આસમાન તરફ ચઢવાવાલા ફરિશ્તાને પૂછ્યું કે, **"તમેં અલ્લાહનો શું હુકમ બજા લાવીને ચઢો છો?** તેએ કહ્યું કે, "એક કાફિર યહૂદીને તાઝી મચ્છી ખાવાનો શૌક થયો તો હુકમે ઈલાહીથી મૈં તાલાબમાં ઉતરો અને તેના શિકારીની જાલને મોટી-મોટી મચ્છીઓથી ભરીને આવો." હવે તમેં બતાવો કે, **"તમેં ઝમીન તરફ કયા હુકમને લઈને જાવ છો?** તે ફરિશ્તા બોલા કે, "એક મુસ્લિમ આબિદને ૨૦ સાલથી ઘીવાલી રોટલી જમવાનો ખૂબ શૌક છે. આજે તે થોડો બેસબરો બની ગયો અને જલ્દી-જલ્દી બાઝાર માંથી ઘી ખરીદ કરવા કોઈને મોકલી આપો. મને હુકમ એમ થયો છે કે, મૈં ઘી ખરીદનાર શખ્સના પગમાં ઠોકર લગાઉં અને પૂરૂં ઘી વાસન માંથી ઝમીન પર નાંખી દઉં."

આ ચીઝ હમને બતાવે છે કે, હમ ઈબાદતગુઝારો વાસ્તે આ દુનિયામાં ઘણા ઈમ્તેહાન છે. ઈમ્તેહાનથી પૈદા થાનાર મહેનત-મશક્કત હમારા ગુનાહ ધોવા વાસ્તે કાફી છે. હમને ઈઝા પહોંચે, સદમો થાય, આફત આવે, ગિરાની આવે, ફકીરી આવે, બીમારી આવે, ગદ્દારી થાય, બેવફાઈ થાય, તે તમામ હમને પાકો સાફ કરવા વાસ્તે છે. **હમારા વાસ્તે આ દુનિયા કડવી છે.** કાફિર વાસ્તે આ દુનિયા જન્નત છે. જે તે ચાહે છે તે તેને આસાનીથી મિલી જાય છે. આ મુજબ તે એમ બદ-ગુમાનીમાં રહે છે કે ખુદા તેનાથી રાઝી છે. પણ એમ હરગિઝ નથી.

હમારી ચાહત દુનિયાની નથી પણ આખેરત વાસ્તે છે. આના સબબ હમેં દુનિયાના ગમ-બલા બરદાશ્ત કરીએ છીએ. કેમકે, હમેં જાણીએ છીએ કે, જો હમેં આમ નહીં કરીએ તો આખેરતમાં તો આના કરતા શદીદ અને હમેશા રહેનારો અઝાબ મિલશે. લેહાઝા, હમેં રાહતે આખેરત વાસ્તે આફતે દુનિયા પર સબર કરી લઈએ છીએ. આ જ હમારા વાસ્તે મોટામાં મોટી ખુશી છે. ✩

---

(પેજ નં. ૭ નું બાકી)

નાફરમાનીની બદબૂને મિટાવી દે છે અને આના સબબ એવા લોગો તૈયાર થાય છે, જે પાક સીરત અને નૈક અખ્લાકના હોય છે અને અલ્લાહતઆલાના દીન તરફ હોશમંદ હોય છે. જે ખરાબી જૂના લોગો કરી ગયા તેમાં તબ્દીલી લાવવા પર આ પરહૈઝગાર લોગો કમરબસ્તા થાય છે. આહિસ્તા-આહિસ્તા ઈન્સાનીયત સાથે ઈસ્લામીયતનો એક નવો સૂરજ આ જહાનમાં તુલૂઅ થાય છે.

------------

**દિલ કી હાલત બયાઁ નહીં હોતી, યે ઝમીં આસ્માઁ નહીં હોતી.**

**કોઈ દેખે જો દીદએ દિલ સે, ખસ્તાહાલી કહાઁ નહીં હોતી.**

**બેહ નિકલતેં હૈં અશ્ક આઁખોં સે, જબ તબીઅત રવાઁ નહીં હોતી.**

**તું કિયે જા અમલ મિલેગા ફલ, કોશિશેં રાએગાં નહીં હોતી.** ✩

**કમબખ્તી તેમાં છે કે, શાદી સીરત જોઈને નહીં મગર સૂરત-દૌલત જોઈને કરવામાં આવે.**

## વો અલી હે, વો અલી હે, વો અલી

પઢો તુમ પહેલે સલવાત, બાદ મેં પૂછુંગા એક બાત,
કૌન બશર વો આઅલા ઝાત, ઝિક્ર હે જિસકી ઈબાદાત,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

કૌન હે ઈમામુલ મુત્તકીન, વો હી હે ઐનુલ યકીન,
વો હી હે સાહેબુલ યમીન, વો હી હે સૈયેદુલ મુમેનીન,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

કૌન અમીરુલ મુમેનીન, વો હી હે બાબુલ યકીન,
વો હી અલમુલ મોહતદીન, વો હી હબ્લુલ્લાહિલ મતીન,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી હે બાઅલુલ બતૂલ, વો હી શફીકુર રસૂલ,
વો હી શહીદુલ મક્તૂલ, વો હી હે સૈફુલ મશ્લૂલ,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી સાહેબુદ દાઅવત, વો હી સાહેબુસ સલવાત,
વો હી સાહેબુન નફખાત, વો હી સાહેબુલ જન્નાત,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી સાહેબે ઝુલફિકાર, વો હી કાતિલુલ કફ્ફાર,
વો હી ઈમામુલ અબરાર, વો હી આલિમુલ અસરાર,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી મમ્સૂલે હલ અતા, વો હી હે શજરતુલ હોદા,
વો હી હે અલમુત તોકા, વો હી વઝીરે મુસ્તફા,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી નૂરુન અલા નૂર, વો હી હે બૈતુલ માઅમૂર,
વો હી હે હિજાબુલ ગફૂર, વો હી હે બહરુલ મસ્જૂર,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હી ઉસ્તાદે જિબ્રઈલ, વો હી તો આબે સલસબીલ,
વો હી તો હે સાહેબે જમીલ, વો હી હે વહેદત કી દલીલ,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી.

વો હે સાહેબુલ હસનાત, વો હે સાહેબુલ ખૈરાત,
વો હે બાબુલ ઈબાદાત, વો હે મઝહરુલ અજીબાત,
કૌન હે વો બતલાવો તો,
વો અલી હે, વો અલી હે, વો અલી. ✫

## કસીદહ મુનીરહ

અલ્લાહ સે ઉલ્ફત રખતેં હૈં, કુરઆન સે નિસ્બત રખતેં હૈં,
મુમિન હે જો અપને સીનો મેં, ઈમાં કી હરારત રખતેં હૈં.
પોશીદા હે દિલ મેં હુબ્બે નબી, પિન્હાઁ હે દિલ મેં હુબ્બે અલી,
ઈસ દિલ કે ખઝાને મેં અપને ફિરદૌસ કી કીમત રખતેં હૈં.
યે જશ્ન હે, જશ્ને સાલગિરહ સૈયેદના ઝકીયુદ્દીં મૌલા,
જો શાને શરાફત, ખુલ્કો અતા, માઅસૂમ તબીઅત રખતેં હૈં.
કિતના હે મુબારક આજ કા દિન, આતા હે નઝર ખુશ હર મુમિન,
બાંસઠવે બરસ મેં પહેલા કદમ, કિસ શાન સે હઝરત રખતેં હૈં.
કૌસર કે વો હક્કદારોં મેં હે, જો ઈન કે તરફદારોં મેં હે,
જન્નત ભી અતા હોગી ઈન કો, જો ઈન સે મોહબ્બત રખતેં હૈં.
રુત્બા ઈનકા વો પહેચાને, ક્યા શાન હે ઈનકી વો જાને,
આઁખોં મેં બસીરત ઔર ઈનસે પાકીઝા અકીદત રખતેં હૈં.
અય કાશ! ઉન્હેં અકલ આ જાયે, ફિરતે હૈં જો નાદાઁ ઈતરા કર,
બુગ્ઝ આલે પયમ્બર સે રખકર, ઉમ્મીદે શફઅત રખતેં હૈં.
કિસ બાત કા ઉનસે કીજે ગિલા, ક્યા કેહકે કોઈ સમઝાએ
ભલા, ગૈરોં સે જો ઉલ્ફત રખતેં હૈં, અપનોં સે અદાવત રખતેં હૈં.
આતી હે હસીં ઉન લોગોં પર, હંસતે હૈં જો અહલે ઈમાઁ પર,
ખુદ ગાફિલ દીન કે કામોં સે, ઔર ખ્વાહિશે જન્નત રખતેં હૈં. ✫

**કમબખ્તી તેમાં છે કે, નમાઝને ફરઝ નહીં પણ મજબૂરી સમઝવામાં આવે.**

## પહેલા ઈમામ
## મૌ. હસન અલ-મસ્મૂમ (અ.સ.)

ઈન્તેખાબે ખાસએ દાવર હસન,
શેહ સવારે દોશે પયગમ્બર હસન.
આયએ તત્હીર મેં હે પંજતન,
ફાતેમા અહમદ હુસૈન હૈદર હસન.
ઉસ્વએ ખૈરૂલ વરા કા આઈના,
હૈદરી શાનાત કા મઝહર હસન.
ફાતેમા કા લખ્તે દિલ લખ્તે જિગર,
નૂરે ચશ્મે સાકીએ કૌસર હસન.
ફાતેમા કી ગોદ કે પાલે હુએ,
દિલરૂબા શબ્બીર તો દિલબર હસન.
સફદરો ગાઝી મુજાહિદ સુલ્હે કુલ,
અમનો આલમગીર કા મહેવર હસન.
અલ્લાહ-અલ્લાહ દીને અહમદ કે લીએ,
મુઝતરિબ શબ્બીર હે, મુઝતર હસન.
જો ગુનાહગારોં પે ભી થા મહેરબાઁ,
વો કરીમુન્નફસ વો સરવર હસન.
ખુલ્ક જિસકે ખલ્ક મેં મશ્હૂર હૈં,
વો સરાપા હુસ્ન કા પૈકર હસન.
ઝહેર સે જિસકા કલેજા કટ ગયા,
જો ઝમર્રૂદ બન ગયા ગૌહર હસન.
મુઝતરિબ હું એક મુદ્દત સે ભી મૈં,
એક નઝર અલ્તાફ કી મુઝ પર હસન. ✫

---

બીમારી કા માહૌલ હે અબ દશ્તે જહાઁ મેં,
કુછ ફર્ક ઝનો મર્દ ન હે પીરો જવાઁ મેં,
હે હર જગા હુજૂમ મરીઝોં કા મકાઁ મેં,
દહેશત કે શિકંજે સે નહીં કોઈ અમાઁ મેં,
ઈન્સાનોં કે મરને સે હુઈ હે ઝમીં બેહાલ,
જબ હર જગા હોને લગા દીને ખુદા પામાલ. ✫

## તિજારત


યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✫

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✫

**હજારીવાલા મોબાઇલ**
અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯
અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪
**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**
નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા,
વાડી ટાવર, વડોદરા. ✫

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ✫

**મકાન ભાડે આપવાનું છે :**
રૂકૈયા મંઝિલ, પહેલા માળે, બદરી મોહલ્લા, વાડી.
પાણીનું સ્વતંત્ર કનેક્શન, પાણીની મોટર, ટાંકી,
ઈલેક્ટ્રીક મીટર, ટોયલેટ, વાસણની ચોકડી.
**મોઇઝભાઇ લાલા - મો.: ૯૭૨૪૬૧૯૦૪૫** ✫


**કમબખ્તી તેમાં છે કે, રોઝી મિલે તો શુક્ર ના કરે અને રોઝી ના મિલે તો સબર ના કરે.**

## દરસે કુરઆને કરીમ

### સુરતુલ બકરહ : આયત ૧૧ થી ૧૭

૧૧) જે વક્ત તે નુમાફિકોને કહેવામાં આવે કે, તમેં ઝમીનમાં બિગાડ ના કરો, તો તેઓ કહે કે, હમેં તો ફક્ત સુધારો કરનારાઓ છે. યાઅની કે, આ દુશ્મનાને દીન, તેઓના ડોગલાપણાના સબબ સુધારકવાદી બનવાની કોશિશ કરે છે. પણ આ મુનાફિકો જાણતા નથી કે, શરીઅત ઈન્સાનને સુધારવા વાસ્તે છે, કઈ ઈન્સાનના બસની વાત નથી કે તે શરીઅતને સુધારી શકે.

૧૨) સાંભલો! હુશિયાર થઈ જાવ! ઝરૂર જે મુનાફિકો સુધારાની વાતો કરે છે તેઓ પોતે ફસાદ કરનારાઓ છે, પણ અફસોસ એ છે કે, તેઓને આ ચીઝની સમઝ જ નથી. યાદ રહે કે, **મુનાફિકોનો ફસાદ ઈમાનને બદસૂરત બનાવી દે છે.**

૧૩) હવે જે વકત એ લોગોને કહેવામાં આવે કે, તમેં ઈમાન લાવો તે મુજબ કે આમ લોગો ઈમાન લાવા છે, તો તેઓ વાતને ઉડાવતા ઉડાવતા કહે કે, શું હમેં એ મુજબ ઈમાન લાવીએ કે જેમ નાદાનો ઈમાન લાવા છે? તો સાંભલો! હુશિયાર થઈ જાવ! ઝરૂર તે મુનાફિકો જ બેવકૂફો નાદાનો છે, મગર અફસોસની વાત એ છે કે તેઓને આનું ઈલ્મ નથી.

૧૪) અને જે વકત તે મુનાફિકો સઘલા મુમેનીનથી મિલે છે તો કહે છે કે, હમેં ઈમાન લાવા છે અને જે વકત એકલા જાય છે તેઓના શયતાનોંના પાસે તો તેઓ કહે છે કે, હમેં તમારા સાથે છે. હમેં તો હંસી-મઝાક કરીએ છીએ. આ નાપાક આદતથી મુનાફિકો પંકાએલા છે. પીઠમાં છુરો ભોંકી ધોકો આપવો તેઓ વાસ્તે રમત છે. **આ સાથે આ મુજબ ફરૈબ કરવો તેઓ ફખર માને છે.** મુમેનીન પાસે આવે તો મુમિન હોવાનો દેખાવ કરે અને શયતાનો પાસે જાય તો અવ્વલ દરજાના શયતાન બની જાય. કોઈને ખબર ના પડે કે આ મુનાફિકો કિવારે અને કઈ વાત પર પલટી મારી દે.

૧૫) ધોકેબાઝી કરનારા મુનાફિકોની અલ્લાહતઆલા હંસી કરશે અને ઢીલ આપશે તેઓને, તેઓ તુગ્યાનીમાં જ ભટકતા રહેશે. જે શખ્સ જૂઠ બનાવટ કરતો હશે તે એમ જ હર વકત કહેશે કે, તે કોઈ વાર જૂઠ બોલતો નથી, તે દુનિયાનો સાચામાં સાચો બંદો છે. પણ હકીકત કઈ જુદી જ હોય છે. તે જ મુજબ મુનાફિકનો હાલ હોય છે. તે એમ જ સમઝે છે કે, દુનિયામાં તેના જેવો કોઈ ઈબાદતગુઝાર કે પરહૈઝગાર નથી. પણ નમ્મામીમાં, કપટમાં, બેઈમાનીમાં, ઝુલ્મ કરવામાં તે અવ્વલ હોય છે.

૧૬) તે તમામ લોગો જે પોતાની તુગયાની અને બેવકૂફીમાં ભટકા કરે છે, તેઓ એ જ છે કે, જેઓએ ખરીદી લીધી ગુમ્રાહીને હિદાયતના બદલામાં. આમ કરવાથી તેઓના આ વેપારે કોઈ ફાયદો કીધો નહીં અને ના કોઈ હિદાયત તેઓને દસ્તયાબ થઈ. યાઅની કે, તેઓ શયતાનની ચુંગલમાં આવી ગયા અને એવો ખસારાનો સોદો કીધો કે, હાથ માંથી હિદાયતની રસ્સી છુટી ગઈ અને ગુમ્રાહીની ઝંજીર બંધાઈ ગઈ. તેઓ સખ્ત નુકસાનમાં ફસાઈ ગયા. તિજારત તો એવી હોય કે, ખુદાની રહેમત સાથે બંદાની મહેનત હોય. ફાયદામંદ અને બરકતવાલો કોઈ વેપાર કરે તો તેનાથી તે વેપારીની અકલમંદી અને હુશિયારી ઝાહિર થઈ જાય છે. કુફ્ના સબબ કાફિરો દીનની તિજારતમાં હિદાયતથી હાથ ધોઈ બેસે છે.

૧૭) એની મિસાલ એવી છે કે, એક એવો શખ્સ કે, જેએ આગ લગાવી પછી જે વક્ત તેના આસપાસની જગા તેનાથી રોશન થઈ, તો અલ્લાહતઆલાએ તે રોશનીને લઈ લીધી અને તે ગુમ્રાહ લોગોને અંધારામાં મુકી દીધા. (બકીયાહ પેજ નં. ૧૩ પર)

**કમબખ્તી તેમાં છે કે, આલિમ-ફાઝિલ હોવાને બાવુજૂદ નાની-નાની વાતો પર ગુસ્સો કરે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### چكّر

كتاب رسائل اخوان الصفا نا صاحب ٩ ما فاطمي امام مولانا احمد المنصور (صلع) فرماوے چهے كه، جانو تميں اے مهارا بهلا بهائي! آ دنيا نا امور، كاروبار، ويپار پهرتي دولتو چهے. ته ايک جگه ٹهہرتي نتهي. كوئي ايک نا هاتهـ ماں رهتي نتهي. تهنا پر تكيّه راكهوو انے تهنے سهارو سمجهوو، ته بالكل حماقة انے ناداني چهے. آ سلسلة زمانه سي جارية چهے. ايک امة سي بيجي امة تک، ايک شهر سي بيجا شهر تک، آ دولة پهرا كرے چهے.

جه موجب آ دنيا لا ثبات چهے، وقتي چهے،دهوكا ما ناكهناري چهے، ته موجب تهني دولت ني كيفيت چهے. جه تهنے چاهسے ته دهوكا ما پڑسے، جه تهنو ذخيرو كرسے ته نقصان ما جاسے، جه ضرورة سي زيادة تهنے طلب كرسے ته هلاک تهاسے. هر ايک دولت نو جه معيّن انے مقرّر وقت هوئي چهے، وهاں تک رهے چهے. گذشته ايام ماں (گئي كالے) جهنا پاسے هتي، ته وقت پورو تهاتا ج آجے تمارا پاسے دولت آوي گئي. تهمارا پاسے تهنو رهوانو وقت پورو تهاسے كه فوراً بيجا نے پاسے ته چالي جاسے.

عاقل انسان ته چهے كه، جه كئي تهنا پاسے هوئى تهنا سي فائدة حاصل كرے. دولت پن ثواب الٰهي حاصل كروانو ايک ذريعة چهے. دولت هوئى ته وقت تهنو خير استعمال سبب ثواب بني سكے چهے. مگر ايک جاهل شخص كوئى فائدة حاصل كرتا پهلا دولت نے كهوئي ديسے. پاني هوئي، نے ته هواما اوڑي جائي تهنا پهلا جو كوئي پوتاني پياس نے بجهاوي دے تو ته كهري عقلمندي كهوائي.

دولتو ته وادلو موجب چهے. هر وادل سي پاني ورسواني اميد ركهاتي نتهي.كوئي هلكا هوئي چهے تو كوئي بهاري. كوئي نو سايو لمبو چالے چهے تو كوئي نو ٹونكو. وادل موجب دولت پن كم-زيادة تهايا كرے چهے. هوا ما وادلو جه موجب جگه بدلا كرے چهے ته موجب دولت هاتهو ما آو-جا كرا كرے چهے. خير دولت ثواب عطا كرے انے جاندار وادل بارش عطا كرے.

دن پچهي رات آوے چهے انے رات پچهي دن آوے چهے. دن انے رات بيوے ايک جيوا رهتا نتهي. اميري پچهي فقيري آوے چهے انے فقيري پچهي اميري آوے چهے. انسان نو امتحان بيوے حالتو ما تهائي چهے. خير انے شر ني بناء پن آنا اوپر ج چهے. خير جه وقت ودهے تو شر كم تهائي چهے انے شر ودهے تو خير كم تهائي چهے. دن، رات، خير، شر نا چكّر موجب دولت نو پن چكّر چالا كرے چهے. دولت هوئي تو خوش تهاواني ضرور نتهي انے فقيري هوئي تو غمگين تهاواني ضرور نتهي.

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**કમબખ્તી તેમાં છે કે, દૌલતમંદ માલિક તેના હાજિતમંદ મુલાઝિમ પર ઝુલ્મ અને સખ્તી કરે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

**ચક્કર**

કિતાબ રસાઈલે ઈખ્વાનુસ્સફાના સાહેબ ૯ માં ફાતેમી ઈમામ મૌ. અહમદ અલ-મસ્તૂર (અ.સ.) ફરમાવે છે કે, જાણો તમેં, અય મારા ભલા ભાઈ! આ દુનિયાના ઊમૂર, કારોબાર, વેપાર ફિરતી દૌલતો છે. તે એક જગા ઠહેરતી નથી. કોઈ એકના હાથમાં રહેતી નથી. તેના પર તકીયો રાખવો અને તેને સહારો સમઝવો, તે બિલ્કુલ હિમાકત અને નાદાની છે. આ સિલસિલો ઝમાનોઓના ઝમાનાઓથી જારીયહ છે. એક ઉમ્મતથી બીજી ઉમ્મત તક, એક શહેરથી બીજા શહેર તક, આ દૌલતો ફિરા કરે છે.

જે મુજબ આ દુનિયા લાસિબાત છે, વક્તી છે, ધોકામાં નાંખનારી છે, તે મુજબ તેની દૌલતની કેફીયત છે. જે તેને ચાહશે તે ધોકામાં પડશે, જે તેનો ઝખીરો કરશે તે નુકસાનમાં જાશે, જે ઝરૂરતથી ઝિયાદહ તેને તલબ કરશે તે હલાક થાશે. હર એક દૌલતનો જે મુઅય્યન અને મુકર્રર વક્ત હોય છે વહાઁ તક જ રહે છે. ગઈકાલે જેના પાસે હતી, તે વક્ત પૂરો થાતા જ આજે તમારા પાસે દૌલત આવી ગઈ. તમારા પાસે તેનો રહેવાનો વક્ત પૂરો થાશે કે ફૌરન કાલે બીજાને પાસે તે ચાલી જાશે.

આકિલ ઈન્સાન તે છે કે, જે કઈ તેના પાસ હોય તેનાથી ફાયદો હાસિલ કરે. દૌલત પણ સવાબે ઈલાહી હાસિલ કરવાનો એક ઝરીઓ છે. **દૌલત હોય તે વક્ત તેનો ખૈર ઈસ્તેમાલ, સબબે સવાબ બની શકે છે.** મગર એક જાહિલ શખ્સ કોઈ ફાયદો હાસિલ કરતા પહેલા દૌલતને ખોઈ દેશે. પાની હોય ને તે હવામાં ઉડી જાય તેના પહેલા જો કોઈ પોતાની પ્યાસને બુઝાવી દે તો તે ખરી અક્લમંદી કહેવાય.

દૌલતો તે વાદલ મુજબ છે. હર વાદલથી પાની વરસવાના ફાયદાની ઉમ્મીદ રખાતી નથી. કોઈ હલકા હોય છે તો કોઈ ભારી. કોઈનો સાયો લંબો ચાલે છે તો કોઈનો ટૂંકો. વાદલ જેમ દૌલત પણ કમ-ઝિયાદહ થાયા કરે છે. હવામાં ઉડનાર વાદલો જગા બદલા કરે છે, તેમ દૌલત હાથોમાં અવર-જવર કરા કરે છે. ખૈર દૌલત સવાબ અતા કરે છે અને જાનદાર વાદલ વરસાદ અતા કરે છે.

દિન પછી રાત આવે છે અને રાત પછી દિન આવે છે. દિન અને રાત બેવે એક જેવા રહેતા નથી. અમીરી પછી ફકીરી આવે છે, અને ફકીરી પછી અમીરી આવે છે. ઈન્સાનનો ઈમ્તેહાન બેવે હાલતોમાં થાય છે. ખૈર અને શરની બિના પણ આના ઉપર જ છે. ખૈર જે વક્ત વધે તો શર કમ થાય છે અને શર વધે તો ખૈર કમ થાય છે. **દિન-રાત, ખૈર-શરના ચક્કર મુજબ દૌલતોનો ચક્કર પણ ચાલા જ કરે છે.** દૌલત હોય તો ખુશ થાવાની ઝરૂર નથી અને ફકીરી હોય તો ગમગીન થાવાની ઝરૂર નથી. ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

આના સબબ તેઓ જોઈ નથી શકતા. આગની રોશની ગરમ અને બેકરારીવાલી હોય છે અને તે કોઈ પણ ચીઝને તબાહ અને ફના કરી શકે છે. આગની મિસાલ કુફ્રની છે. આના બરખિલાફ દીવા અને શમઅદાની રોશની ઈત્મિનાન-બખ્શ, ઠંડી અને પસંદીદહ હોય છે અને તેનાથી તેના આસપાસની ચીઝોને કોઈ મઝર્રત થાતી નથી. શમઅની મિસાલ ઈમાનની છે. કુફ્રની આગથી જે વક્ત રોશની અચાનક ફેલાય છે, તો કાફિર સમઝે છે કે, તે હમેશા રહેશે. મગર થોડા વક્તમાં જ તે ગાયબ થઈ જાય છે, ને તે કાફિર પાછો અંધારામાં ગરકાવ થઈ જાય છે. આ અંધારૂં રાતના અંધારા જેવું નથી હોતું યા રોશની ચાલી ગઈ હોય તેવું પણ નથી હોતું મગર આ અંધારૂં દિલનું અંધારૂં હોય છે, જે ઘણું ખૌફનાક હોય છે. હિદાયતની રોશની તે દિલ માંથી ચાલી ગઈ હોય છે. જહાઁ તક હિદાયતના સાહેબ, તે દિલમાં રોશની દાખિલ ના કરે અને તે દિલ હિદાયતને કુબૂલ ના કરે, વહાઁ તક તે શખ્સ આઁખનો નહીં મગર દિલનો અંધો બનીને રહે છે. ✯

**કમબખ્તી તેમાં છે કે, શયતાની લોગોને પહેચાનવા છતા કોઈ તેઓની સોહબતને ના છોડે.**

## ફકીરો

હિકમતના સાહેબ બયાન ફરમાવે છે કે, અય લોગો! તમને ખબર છે કે, અલ્લાહતઆલાથી મોહબ્બત કરવું શું છે? તેમાંથી એકે કહ્યું કે, ઈબાદત કરવું તે અલ્લાહથી મોહબ્બત છે. સાહેબે કહ્યું કે, આ ફક્ત કાફી નથી. અલ્લાહની મોહબ્બત, ગરીબ અને હાજિતમંદ લોગો સાથે મોહબ્બત કરવાથી જોડાયેલી છે. ઝરૂરતમંદ શખ્સ સાથે જે નઝદીક થાશે તે અલ્લાહથી નઝદીક હશે. યાઅની મખ્લૂકની હાજિતરવાઈમાં જ ખાલિકની રઝામંદી છે.

સાહેબે ફરમાવું કે, "ફકીરો એવા નથી હોતા કે, ઘરે ઘરે જઈને ભીખ માંગતા હોય. આ ફકીરો તો તે છે કે, ઓછામાં ઓછી ચીઝોમાં ખુશ રહે, ભૂખના આલમમાં સબરથી કામ લે, **હાથ કુશાદા હોય અને રોઝીના દરવાઝા ખુલેલા હોય તો ફુલાય ના જાય મગર શુક્રે ખુદામાં પોતાની ગરદનને ઝુકાવે**, તકલીફોમાં શિકાયત ના કરે, પોતાના ભાઈ વાતે ખૈર ચાહીને દોઆ કરે, પ્યાસાને પાની પીરાવે, હર હાલમાં સચ્ચાઈને પડખે ઊભા રહે, મદદ કરનાર લોગો સાથે વફાદારી કરે, તબીઅતના ખિલાફ કોઈ કામ થઈ જાય તો ગુસ્સાને પી જાય, કોઈ ચીઝ હાથ માંથી ચાલી જાય તો ગમગીન ના થાય અને ના ચાહેલું મિલી જાય યા ઉમ્મીદ કરતા ઝિયાદહ આવી જાય તો ખુશીમાં ગુમ પણ ના થઈ જાય."

જે શખ્સ આ તરહની ખસલતોં સાથે ઝિંદગી ગુઝારે તેની ઝિંદગી ફકીરાના ઝિંદગી કહેવાય અને તેની મોહબ્બતમાં અલ્લાહની મોહબ્બત શામિલ છે. ✯

**કમબખ્તી તેમાં છે કે,**
**કોઈ સેહતમંદ હોય અને રોઝા ના રાખે.**

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✯

✵ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમોવ છે કે, જે શખ્સ કોઈ મુમિનને પાનીનો એક ઘૂંટ પીરાવશે કે જેએ કોઈ પણ તરીકાથી બંદોબસ્ત કીધો હોય, તો અલ્લાહતઆલા તે શખ્સને હરએક ઘૂંટના એવઝમાં સિત્તેર હઝાત નૈકીઓ અતા ફરમાવશે. શાયદ કે તે શખ્સના નઝદીક પાની મયસ્સર ના થયું અને તેની જગા પર કોઈ બીજી ચીઝનો બંદોબસ્ત મુમિન વાસ્તે કીધો તો અલ્લાહતઆલા તેન દસ ગુલામ આઝાદ કરવાનો સવાબ અતા ફરમાવશે. ✯

**નોંધ : મિશ્કાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.